# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 28-06-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : SATURDAY** **National News**

આકાશવાણી સમાચાર સોનલ પરમાર વાંચે છે.

**************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું સરકાર પ્રાચીન પાંડુલિપીઓનું ડિજીટલાઈઝેશન કરી રહી છે

2) કૃષિ હેતુઓ માટે પાણીના ઉપયોગ પર કર લાદવાની યોજના બનાવાઇ રહી હોવાની વહેતી થયેલી વાતને સરકારે ફગાવી

3) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે આકાશવાણી પરથી પ્રસારિત થનાર 'મન કી બાત' કાર્યક્રમમાં વિવિધ વિષયો ઉપર પોતાના વિચારો રજૂ કરશે

4) પંજાબ પોલીસના સાયબર ક્રાઈમ ડિવિઝને બાળ શોષણના ગુનામાં બે વ્યક્તિઓની ધરપકડ કરી

5) ભારતીય ખેલાડીઓ આયુષ શેટ્ટી અને તન્વી શર્મા યુએસ ઓપન બેડમિન્ટન સ્પર્ધાની સેમિફાઇનલમાં પહોંચ્યા

.....................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....

# PM VIDHYANDJI PROGRAM

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે નવી દિલ્હીમાં આચાર્ય વિદ્યાનંદજી મહારાજની શતાબ્દી સમારોહનું ઉદ્ઘાટન કર્યું હતું. આ પ્રસંગે કાર્યક્રમને સંબોધિત કરતાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે સરકાર પ્રાચીન પાંડુલિપિઓનું ડિજીટલાઇઝેશ કરી રહી છે. સરકાર વિરાસત અને વિકાસના પથ પર આગળ વધી રહી છે.

**(બાઇટ- નરેન્દ્ર મોદી, PM-ON-EDU-AND-CULTURE)**

આ પ્રસંગે વિશેષ સ્મારક સિક્કા અને ટપાલ ટિકિટ પણ બહાર પાડવામાં આવી હતી. આ જનમેદનીને સંબોધતા શ્રી મોદીએ જણાવ્યું હતું કે, આ મહાન જૈન સંતોએ યુવાનોને ભારતીય પરંપરાઓ સાથે જોડવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી.

**(બાઇટ- નરેન્દ્ર મોદી PM CUT -1)**

# WATER TAX FACT CHECK

કૃષિ હેતુઓ માટે પાણીના ઉપયોગ પર કર લાદવાની યોજના બનાવાઇ રહી હોવાની વાતને સરકારે ફગાવી દીધી છે. જળ શક્તિ મંત્રાલયે સ્પષ્ટતા કરી છે કે નવી યોજના-"કમાન્ડ એરિયા ડેવલપમેન્ટ અને વોટર મેનેજમેન્ટનું આધુનિકીકરણ" હેઠળ કરવેરા સંબંધિત અફવાઓ પાયાવિહોણી અને ખોટી છે. મંત્રાલયના જણાવ્યા અનુસાર, આ પાયલોટ પ્રોજેક્ટ હેઠળ કોઈ જોગવાઈ નથી, કે સરકાર તરફથી કોઈ નિર્દેશ નથી કે, પાણીના ઉપયોગ માટે ખેડૂતો પર વપરાશકર્તા શુલ્ક લાદવામાં આવે.

# PM-MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે સવારે 11 વાગે આકાશવાણી પરથી પ્રસારિત થનાર 'મન કી બાત' કાર્યક્રમમાં  વિવિધ વિષયો ઉપર પોતાના વિચારો રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ 123મી કડી હશે. હિન્દીમાં મન કી બાતના પ્રસારણ બાદ ગુજરાતીમાં તેનો ભાવાનુવાદ પ્રસારિત કરાશે.

આ કાર્યક્રમ આકાશવાણી અને દૂરદર્શનના સમગ્ર નેટવર્ક, આકાશવાણી ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઓન એર મોબાઇલ એપ્લિકેશન પર પ્રસારિત કરવામાં આવશે. આકાશવાણી સમાચાર, દૂરદર્શન સમાચાર, પીએમઓ અને માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુટ્યુબ ચેનલો પર પણ તેનું જીવંત પ્રસારણ કરવામાં આવશે.

આ ઉપરાંત આવતીકાલે રાત્રે આઠ વાગે રાજ્યના તમામ આકાશવાણી કેન્દ્રો પરથી મન કી બાત કાર્યક્રમના ગુજરાતી ભાવાનુવાદનું પુનઃ પ્રસારણ કરાશે.

# PUNJAB - CHILD ABUSE

પંજાબ પોલીસના સાયબર ક્રાઈમ ડિવિઝને બાળ શોષણના ગુનામાં બે વ્યક્તિઓની ધરપકડ કરી છે અને વિવિધ ઓનલાઇન પ્લેટફોર્મનો ઉપયોગ કરીને બાળ શોષણ અને અપમાનજનક સામગ્રી જોવા, પ્રસારિત કરવા અને વિતરણ કરવામાં સામેલ 33 શંકાસ્પદોની ઓળખ કરી છે.

કેન્દ્રીય ગૃહ મંત્રાલયના ભારતીય સાયબર ક્રાઇમ કોઓર્ડિનેશન સેન્ટર દ્વારા પંજાબના 18 જિલ્લાઓમાં 40 સ્થળોએ આવા લોકોને પકડવા અને ઓળખવા માટેનું અભિયાન ચલાવવામાં આવ્યું હતું.

પંજાબ સ્ટેટ સાયબર ક્રાઈમ સેલે અપરાધીઓને ટ્રેક કરવા માટે વ્હોટ્સઅપ, ફેસબુક, ઇન્સ્ટાગ્રામ અને ટેલિગ્રામ જેવા પ્લેટફોર્મ પરથી ડિજિટલ પુરાવાઓનું ઝીણવટપૂર્વક વિશ્લેષણ કર્યા બાદ કાર્યવાહી કરી હતી. એડિશનલ ડિરેક્ટર જનરલ ઓફ પોલીસ (એડીજીપી), સાયબર ક્રાઈમ, વી નીરજાએ જણાવ્યું કે, ધરપકડ કરાયેલા આરોપીઓ પીડિતાને બ્લેકમેલ કરવા ઉપરાંત સી. એસ. ઇ. એ. એમ. સામગ્રી જોઈ રહ્યા હતા અને અન્ય જૂથોમાં શેર કરી રહ્યા હતા અને સગીર બાળકો સાથે દુર્વ્યવહાર કરી રહ્યા હતા.

# WB - GANG RAPE UPDATE

કોલકાતાની એક લો કોલેજમાં સામૂહિક દુષ્કર્મ કેસમાં પોલીસે આજે એક સુરક્ષા ગાર્ડની ધરપકડ કરી છે.

તેને આજે અદાલતમાં રજૂ કરવામાં આવશે. અગાઉ કોલકાતા પોલીસે બે વિદ્યાર્થીઓ અને એક ભૂતપૂર્વ વિદ્યાર્થી સહિત ત્રણ લોકોની ધરપકડ કરી હતી. ત્રણેય આરોપીઓને મંગળવાર સુધી પોલીસ કસ્ટડીમાં મોકલવામાં આવ્યા છે. આ ઘટના અંગે વિરોધ પક્ષોએ આજે કોલકાતામાં વિરોધ રેલીનું આયોજન કર્યું છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# BENGALURU STEMPED

બેંગલુરુમાં ચિન્નાસ્વામી સ્ટેડિયમની બહાર ઇન્ડિયન પ્રીમિયર લીગ 2025 ની જીત પછી, રોયલ ચેલેન્જર્સ બેંગલુરુની ઉજવણી દરમિયાન થયેલી ભાગદોડના કેસમાં, કેન્દ્ર સરકારે ત્રણ આઈપીએસ અધિકારીઓને સસ્પેન્ડ કરવાની મંજૂરી આપી છે. આ ઘટનામાં અગિયાર લોકોએ જીવ ગુમાવ્યા હતા અને ઘણા ઘાયલ થયા હતા.

આ દુર્ઘટનાને પગલે, રાજ્ય સરકારે ફરજમાં બેદરકારી બદલ બેંગલુરુ શહેરના પોલીસ કમિશનર બી. દયાનંદ, ડેપ્યુટી કમિશનર ઓફ પોલીસ વિકાસ કુમાર અને શેખરને સસ્પેન્ડ કર્યા હતા. રાજ્ય સરકારે ડીપીએઆર દ્વારા તેમની સામે કાર્યવાહીનો રિપોર્ટ કેન્દ્રને મોકલ્યો હતો અને હવે કેન્દ્ર સરકારે આ રિપોર્ટ પર વિચાર કરીને તેને મંજૂરી આપી છે.

# RAJASTHAN - ROAD ACCIDENT

રાજસ્થાનમાં, જયપુર-આગ્રા રાષ્ટ્રીય ધોરીમાર્ગ-21 પર ગઈકાલે રાત્રે દૌસામાં થયેલા માર્ગ અકસ્માતમાં કારમાં મુસાફરી કરી રહેલા ત્રણ મહિલાઓ સહિત ચાર લોકોના મોત થયા છે. એક કાર ટ્રક સાથે અથડાતાં આ બનાવ બન્યો હતો. બધા મૃતકો હરિયાણાના રોહતક જિલ્લાના રહેવાસી હતા.

# PM - NARSIMHA RAO

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે ભૂતપૂર્વ પ્રધાનમંત્રી પી.વી. નરસિંહ રાવને તેમની જન્મજયંતિ પર શ્રદ્ધાંજલિ અર્પણ કરી. ભારતના વિકાસને આકાર આપવામાં તેમની મહત્વપૂર્ણ ભૂમિકાને યાદ કરતા શ્રી મોદીએ કહ્યું કે, ભારતના વિકાસના માર્ગના એક મહત્વપૂર્ણ તબક્કા દરમિયાન અસરકારક નેતૃત્વ માટે રાષ્ટ્ર પી.વી. નરસિંહ રાવનો આભારી છે. તેમણે ઉમેર્યું કે, તેમની બુદ્ધિ, શાણપણ અને વિદ્વતાપૂર્ણ સ્વભાવની પણ વ્યાપકપણે પ્રશંસા થાય છે.

# BADMINTON - US OPEN

ભારતીય ખેલાડીઓ આયુષ શેટ્ટી અને તન્વી શર્મા યુએસ ઓપન બેડમિન્ટન સ્પર્ધાની સેમિફાઇનલમાં પહોંચી ગયા છે.

આજે અમેરિકાના આયોવામાં યોજાયેલી મહિલા સિંગલ્સ ક્વાર્ટર-ફાઇનલ મેચમાં તન્વીએ મલેશિયાની લેત્શાના કરુપથેવનને 21-13, 21-16 થી હાર આપી હતી. પુરુષોની સિંગલ્સ ક્વાર્ટર-ફાઇનલમાં આયુષે ચાઇનીઝ તાઇપેઈની કુઓ કુઆન લિનને 22-20, 21-9 થી હરાવી હતી. હવે સેમિફાઇનલમાં, તન્વીનો સામનો યુક્રેનની પોલિના બુહારોવા સામે થશે. જ્યારે આયુષનો સામનો ચાઇનીઝ તાઇપેઈની ચૌ ટિએન-ચેન સામે થશે.

પુરુષ ડબલ્સ ક્વાર્ટર-ફાઇનલમાં, ભારતના હરિહરન અમસાકારુનન અને રૂબેન કુમાર રેથિનાસબ્પતિની જોડીને હારનો સામનો કરવો પડ્યો હતો. ભારતીય જોડીનો ચાઇનીઝ તાઇપેઈની ચિયાંગ ચિન વેઈ અને વુ સુઆન-યીની જોડી સામે 9- 21, 19-21થી પરાજય થયો હતો.

# HOCKEY INDIA MASTERS CUP

હોકી ઈન્ડિયા માસ્ટર્સ કપ 2025ની ફાઇનલમાં ગઈકાલે સાંજે તમિલનાડુ હોકી ટીમે પુરુષોનો ખિતાબ જીત્યો, જ્યારે હોકી એસોસિએશન ઓફ ઓડિશાએ મહિલા ખિતાબ જીત્યો.

પુરુષોની ફાઇનલમાં, યજમાન તમિલનાડુએ મહારાષ્ટ્રને 5-0થી હરાવ્યું. બીજી તરફ, ચંદીગઢે ઓડિશાને હરાવીને ત્રીજું સ્થાન મેળવ્યું. મહિલા ફાઇનલમાં, ઓડિશાએ પંજાબને 1-0થી હરાવીને ટ્રોફી જીતી. આ ઉપરાંત, હરિયાણાએ યજમાન તમિલનાડુ પર વિજય મેળવીને ત્રીજું સ્થાન મેળવ્યું.

# T20 WOMEN

ભારત અને ઇંગ્લેન્ડની મહિલા ક્રિકેટ ટીમ વચ્ચે પાંચ મેચની T20 શ્રેણીની પહેલી મેચ આજે બ્રિટનના ટ્રેન્ટ બ્રિજ ખાતે રમાશે. આ મેચ ભારતીય સમય મુજબ સાંજે સાત વાગ્યે શરૂ થશે.

ભારતીય ટીમ એક દિવસીય ત્રિકોણીય શ્રેણીમાં પોતાના શાનદાર પ્રદર્શન બાદ આત્મવિશ્વાસથી ભરેલી છે. બીજી તરફ, ઇંગ્લેન્ડે તાજેતરમાં વેસ્ટ ઇન્ડીઝ પર પણ વિજય મેળવ્યો છે. આવતા વર્ષે મહિલા વિશ્વ કપ બ્રિટનમાં જ યોજાવાનો છે.